ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

# ભારતમાં કૃષિક્ષેત્રે નાબાર્ડની ભૂમિકા

## (contribution of NABARD in agriculture sector in India)

મંદાકિની આર જોષી.
બી.એ., એમ.એ અર્થશાસ્ત્ર
અર્થશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.

**સારાંશ** :-

અહીં પ્રસ્તુત સંશોધન પેપરમાં કૃષિ ક્ષેત્રે અને ગ્રામીણ વિકાસ ક્ષેત્રે આર્થિક સહાય આપતી "રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક" (NABARD – National Bank for Agriculture and Rural Development) ની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. NABARD ની કૃષિધિરાણ ક્ષેત્રે મહત્વની ભૂમિકા રહેલી છે જેનો અહીં વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો છે.

**મહત્વનાં શબ્દો** :-

(1) કૃષિ ધિરાણ.
(2) કૃષિ વિકાસ.

**પ્રસ્તાવના** :-

ભારત વિકાસમાન દેશની સાથે કૃષિપ્રધાન દેશ પણ છે. ભારતની કુલ વસ્તીના 49% જેટલી વસ્તી કૃષિ માંથી રોજગારી મેળવે છે. પરંતુ ભારતના ખેડૂતો તેની પૂરતી ઉત્પાદકતા પ્રમાણે ખેત ઉત્પાદન મેળવી શકતા નથી. એની પાછળ રહેલા અનેક કારણો માનું એક મહત્ત્વનું કારણ છે – " અપૂરતી નાણાંકીય સગવડ". જો ખેડૂતો ને યોગ્ય સમયે અને આવશ્યક નાણાંકીય સગવડ મળી રહે તો આ સમસ્યા હળવી થઈ શકે તેમ છે. આ સમસ્યાના નિવારણ માટે "NABARD" ની સ્થાપના કરવામાં આવી છે.

**હેતુઓ** :-

(1) NABARD દ્વારા કૃષિ ક્ષેત્રે અપાતા આવશ્યક ધિરાણની સગવડો અંગેની માહિતી મેળવવી.
(2) NABARD નો કૃષિ વિકાસ ક્ષેત્રે રહેલ ભૂમિકા ની જાણકારી મેળવવી.

**ઉત્કલ્પના** :-

(1) ખેડૂતો અને ખેત ધિરાણ સંસ્થાને જોડતી કડી NABARD છે.
(2) NABARD અને તેની સાથે સંલગ્ન સંસ્થાઓ દ્વારા ખેડૂતોને પૂરી પાડવામાં આવતી નાણાંકીય સહાય નો કૃષિ વિકાસ માટે જ ઉપયોગ થાય છે.
(3) NABARD ની કૃષિ વિકાસ અને ખેત ધિરાણ પર હકારાત્મક અસરો થાય છે.

## <u>સંશોધનપધ્ધતિ</u> :-

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ પર છે. જેમાં માત્ર ગૌણ માહિતીનો ઉપયોગ કરી અભ્યાસ કરાયો છે. જેમાં પુસ્તકો, સામયિકો અને વર્તમાનપત્રો દ્વારા માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે.

## <u>NABARD ની સ્થાપના</u> :-

ડો. B. સીતારામન કમિટી દ્વારા કરવામાં આવેલ ભલામણને ધ્યાનમાં લઈ NABARD ની સ્થાપના 12 July 1982 નાં રોજ સંસદે પસાર કરેલ કાયદા હેઠળ કરવામાં આવી હતી.

15 July 1982 નાં રોજ મુંબઈ ખાતેના મુખ્યમથકે થી બેંકે તેની કામગીરી શરૂ કરી હતી.

**<u>સંચાલન વ્યવસ્થા</u>** :-

NABARD નાં સંચાલન માટે એક “બોર્ડ ઓફ ડિરેક્ટર” ની રચના કરવામાં આવે છે. જેમાં કુલ 15 સભ્યો હોય છે.

તેનાં અધ્યક્ષ RBI નાં ડેપ્યુટી ગવર્નર હોય છે. વર્તમાન ગવર્નર ગોવિંદા રાજુલા ચિંતાલા છે.

## <u>બેંકમૂડી અને નાણાંકીય સાધનો</u> :-

(A) **બેંકમૂડી** :

- 1982 માં 500 કરોડની અધિકૃત શેરમૂડી થી NABARD ની શરૂઆત થઈ હતી. જેમાં કેન્દ્ર સરકાર અને RBI નો 50:50 યોગદાન હતું.
- 1996 ’97 માં તેમાં વધારો કરીને 1000 કરોડ કરવામાં આવ્યું. જેમાં RBI નું યોગદાન 800 કરોડ અને કેન્દ્ર સરકાર નું યોગદાન 200 કરોડ હતું.
- 31 માર્ચ 2010 માં NABARD ની અધિકૃત મૂડીનું પ્રમાણ 2000 કરોડ કરવામાં આવ્યું. જેમાં RBI નો ફાળો 72.5% હતો.
- ત્યારબાદ RBI એ NABARD માં શેર મૂડીનો પોતાનો મોટાભાગનો હિસ્સો કેન્દ્ર સરકારને સોપી દીધો હતો
- 13 October 2010 માં NABARD માં અધિકૃત મૂડી માં RBI નો હિસ્સો માત્ર 1% હતો.
- વર્તમાન માં NABARD ની કુલ અધિકૃત મૂડી 3,500 કરોડ છે. જેમાં 99 % હિસ્સો કેન્દ્ર સરકારનો છે. અને માત્ર 1% હિસ્સો RBI નો છે.

(B) **નાણાંકીય સાધનો** :

- NABARD ને આવશ્યક મૂડીની પ્રાપ્તિ નીચે મુજબનાં સાધનો દ્વારા પ્રાપ્ત થાય છે.
  (1) ભારત સરકાર
  (2) વિશ્વ બેંક
  (3) અન્ય એજન્સીઓ
  (4) બોન્ડ અને ઋણપત્રો બહાર પાડી.

## ધિરાણ માળખું :-

NABARD દ્વારા સહકારી ધિરાણ સંસ્થાઓ દ્વારા પ્રાદેશિક ગ્રામીણ બેંકોએ રાહત દરે પાકની સામે આપેલ ટૂંકાગાળાની લોનો સામે પુન:ધિરાણની સગવડ આપે છે.

આમ, NABARD એ ખેડૂતોને પુન:ધિરાણ આપે છે એટલે કે તે ખેડૂતો અને ખેત ધિરાણ આપતી સંસ્થા દ્વારા પરોક્ષ રીતે ધિરાણ વ્યવસ્થા પૂરી પાડે છે.

**ધિરાણ વ્યવસ્થા (સમયનાં આધારે)**

(1) ટૂંકા ગાળાનું ધિરાણ – 18 મહિના માટે.
(2) મધ્યમ ગાળાનું ધિરાણ – 18 મહિનાથી 7 વર્ષ માટે.
(3) લાંબા ગાળાનું – 25 વર્ષ સુધી.

## કૃષિ ધિરાણ દ્વારા કૃષિ વિકાસ ક્ષેત્રે NABARD નો ફાળો :-

NABARD દ્વારા નીચે મુજબની ધિરાણ વ્યવસ્થા પૂરી પાડી કૃષિ ક્ષેત્રે યોગદાન અપાય છે.

***માઇક્રો ક્રેડિટ ઈનોવેશન સ્કીમ :***

આ યોજના અંતર્ગત NABARD ગ્રામીણ ક્ષેત્રે રહેલ ગરીબોને આર્થિક સહાય પુરી પાડે છે. ગ્રામીણ મહિલાઓને આ ખાસ યોજના હેઠળ નાના પાયા પર આર્થિક પ્રવૃતિઓ માટે (ગૃહ ઉદ્યોગ, કુટિર ઉદ્યોગ, હસ્તકલા) નાણાંકીય સહાય મળે છે.

*કિસાન ક્રેડિટ કાર્ડ :*

- ખેડૂતોને ટૂંકગાળાની ધિરાણની સુવિધા માટે કિસાન ક્રેડિટ કાર્ડ યોજના સૌ પ્રથમ 1998 '99 માં રજૂ કરવામાં આવી હતી.
- વાણિજ્ય બઁકો, સહકારી બઁકો, RRBS, આ યોજનાનો અમલ કરે છે. આ યોજના અંતર્ગત દરેક ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ મળે છે.
- કૃષિ માટે જરૂરી નિક્ષેપો જેવા કે બીજ, ખાતર, જંતુનાશક દવા, વગેરેની સહેલાઈથી ખરીદી માટે આ યોજના ઘડવામાં આવી હતી. આ માટે બેંક તરફથી ખેડૂતોને પાસ બૂક અને કાર્ડ અપાય છે.

*સંશોધન અને વિકાસ ફંડ :*

- NABARD એ કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે સંશોધન અને વિકાસ માટે પણ આર્થિક સહાય (ધિરાણ) કરે છે.
- NABARD કૃષિ અને ગ્રામીણ વિકાસ ના તમામ પાસા માટે તકનીકી સહાયતા આપે છે. NABARD દ્વારા આ હેતુ માટે સંશોધન અને વિકાસની સ્થાપના કરવામાં આવી છે અને ભારતના ગ્રામીણ કૃષિક્ષેત્રે હાથ ધરવામાં આવેલાં અભ્યાસ અને અન્ય સર્વેક્ષણ દ્વારા વિવિધ પ્રશિક્ષણ સુવિધાઓ, માહિતીનો પ્રસાર અને સંશોધન ને પ્રોત્સાહન આપવામાં આવે છે.

VIDHYAYANA

*સ્વરોજગારી ક્રેડિટ કાર્ડ યોજના :*


આ યોજના હેઠળ NABARD નાના કારીગરો, હેન્ડ લૂમ શ્રમિકો, માછીમારો, સ્વરોજગારીવાળા વ્યક્તિ, રીક્ષા માલિકો, ગૃહ ઉદ્યોગ અને અન્ય સુક્ષ્મ ઉદ્યોગ સાહસિકોને પર્યાપ્ત અને સમયસર ધિરાણ આપે છે.

## <u>માહિતીનું અર્થઘટન અને પૃથક્કરણ</u> :-

આઝાદી પછી NABARD ની કાર્ય પ્રણાલી માં ભારે બદલાવ આવ્યો છે.(તેનાં કાર્યો અને ધિરાણવ્યવસ્થામાં) આ બેંકો દ્વારા ધિરાણ નું વિસ્તરણ ખૂબ જ ઝડપથી વધી ગયું છે. NABARD દ્વારા તાજેતરના વર્ષોમાં આપવામાં આવેલી નાણાંકીય સહાય નીચે આપેલા કોઠા અને આકૃતિ પરથી જાણી શકાય

છે :

| વર્ષ | કુલ ધિરાણ (કરોડમાં) |
|---|---|
| 2013-14 | 6,98,602.81 |
| 2014-15 | 8,16,706.18 |
| 2015-16 | 9,15,509.92 |
| 2016-17 | 10,65,755.67 |
| 2017-18 | 11,68,502.84 |




Source : Annual Report of NABARD 2017-18.

- ઉપરોક્ત કોઠા અને આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં કૃષિક્ષેત્રે વિકાસ માટે NABARD ની કામગીરીમાં વધારો થયો છે.
- છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન NABARD દ્વારા આપતા ધિરાણમાં વ્યાપક પ્રમાણમાં વધારો થયો છે ઉપરોક્ત કોઠા જણાવે છે કે NABARD નું ધિરાણ પ્રમાણ 2013માં 6,98,602.81 કરોડ હતું. જે વધીને 2017-18 માં 11,68,502.84 કરોડ થયું છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

## તારણો :-

(1) ખેતીક્ષેત્રે ખેતઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે આવશ્યક પર્યાપ્ત ટૂંકા, મધ્યમ, અને લાંબાગાળા ની સમયસર લોન પુરી પાડવામાં આવે છે

(2) NABARD દ્વારા કૃષિ વિકાસ માટે આવશ્યક ધિરાણ ની વ્યવસ્થા પૂરી પડતાં કૃષિ ક્ષેત્રે વિકાસ થવા પામ્યો છે.

(3) NABARD માત્ર નિક્ષેપો માટે જ આવશ્યક ધિરાણ ન આપતાં કૃષિ વિકાસ માટે જરૂરી સંશોધન અને તેના અમલીકરણ માટે આર્થિક સહાય પુરી પાડે છે.

## સંદર્ભે :-

(1) પુસ્તકનું નામ : ભારતીય અર્થવ્યવસ્થા
(પ્રતિયોગિતા દર્પણ, આવૃત્તિ :2015-16)

(2) Annual Report of NABARD – 2017'18.